જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૧૯ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૦/૧૯

## છેલ્લા ૧૦(દસ) વર્ષથી અપહરણ તથા બળાત્કારના ગુનામાં નાસ્તા ફરતા ૩(ત્રણ) આરોપીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના તરફથી નાસતાં-ફરતાં આરોપીઓને પકડવા સબબ રાખેલ ડ્રાઈવ અનુસંધાને મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ, તથા મ.પો.કમી. શ્રી જે-ડીવીઝન અમદાવાદ શહેર, તથા વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અહેકો શૈલેન્દ્રસિંહ બટુકસિંહ બ.નં. ૯૨૫૩, તથા અપોકો અબ્દુલવાહીદખાન અમીરઉલ્લાખાન બ.નં.૮૩૧૧ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે "વટવા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૦૪/૧૦ ધી ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(૪), ૩૪૩, ૩૮૪, ૩૨૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ વિગેરે મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસ્તા-ફરતા આરોપીઓ નામે નં.(૧) પપ્પુસિંગ રામાનંદસિંગ રાજપુત ઉવ.૪૫ રહે, પાસીના મકાનમાં વાંદરવટ તળાવ પાસે વટવા અમદાવાદ તથા હાલ રહે, મુળ વતન – ગામ-મહુગાય, તા.-સોનો, જી.-જમોઈ(બિહાર) તથા નં.(૨) મીથીલેશ ઉર્ફે બલ્લુ બાસ્કીસિંગ ચૌહાણ ઉવ.૨૫ રહે, કાંતા પ્રસાદ પાસીના મકાનમાં રાજીવનગર પી.ડી.પંડયા કોલેજ રોડ વટવા અમદાવાદ હાલ રહે, મુળ વતન – ગામ-પદમપુર તા.-સાતર, થાના-કુંડા, જી.-દેવધર (ઝારખંડ) તથા --- ( P.T.O.)

નં.(૩) સંજયસિંગ હિદયસિંગ રાજપુત ઉવ.૪૦ રહે, રામપરવેશ સિંગના મકાનમાં રાજીવનગર પી.ડી.પંડયા કોલેજ રોડ વટવા અમદાવાદ હાલ રહે, મુળ વતન – ગામ-પદમપુર તા.-સાતર, થાના-કુંડા, જી.-દેવધર (ઝારખંડ) નાઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી આજરોજ તા.૧૮/૦૧/૨૦૧૯ ના કલાક ૧૭/૩૦ વાગે અટક કરી આગળની વધુ કાર્યવાહી કરવા તજવીજ કરવામા આવેલ છે. તા-૧૯/૦૧/૨૦૧૯

## ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ

## ઈગ્લીશ દારૂની બોટલ નંગ:૨૧૬ કીમત રૂપીયા ૮૬૪૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમો ઝડપાયો

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૧૮/૦૧/૨૦૧૯ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો સતીષભાઈ બાબુભાઈ તથા પો.કો ચીરાગભાઈ ભુપતભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે મહાકાળી દાળબાટી રેસ્ટોરન્ટની પાછળના ભાગે ઠાકોર વાસ ખાતે આવેલ લોખંડના શટર વાળા ગોડાઉનમાં પંચો સાથે રેડ કરતા આરોપી અભિષેક સ/ઓ અશોકકુમાર સજનકુમાર જાખડ ઉવ:૨૦ રહે:ઠાકોરવાસ મહાકાળી દાળબાટી રેસ્ટોરન્ટની પાછળ રીંગરોડ રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:પુર તા:ભવાનીખેડા જી:ભીવાની હરીયાણા ને પોતાના કબજામા વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ ની બોટલ નંગ: ૨૧૬ કીમત રૂપીયા ૮૬૪૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેના વિરુધ્ધમાં ધી પ્રોહિ એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## છેલ્લા સાત વર્ષથી શરીર સબંધી ગુનામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રામોલ પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા તેમજ ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓને પકડવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને પો.સ્ટે વિસ્તારમાં વધુમાં વધુ પેટ્રોલીંગ કરવા સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વે.સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન વન્ડર પોઇન્ટ પાસે આવતા પો.સ.ઇ નાઓની બાતમી હકીકત આધારે

અમરાઇવાડી પો. સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૯/૨૦૧૧ ધી ઇપીકો કલમ ૩૨૬ વિગેરે મુજબના કામે નાસ્તો ફરતો

આરોપી :- અજીતસિંહ હમીરસિંહ વાઘેલા ઉવ.૨૯ રહે. મનં.એ/પ૬ કૈલાશ પાર્ક સોસાયટી વન્ડર પોઇંટ પાસે સીટીએમ રામોલ અમદાવાદ શહેર

નાને તા.૧૮/૦૧/૧૯ ના કલાક ૧૮/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧ (૧) (આઇ) મુજબ પકડી અટક કરી અમરાઇવાડી પો.સ્ટે જાણ કરેલ છે.

# જુગારનો કેસ શોધી કાઢતી શાહીબાગ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એફ" ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ તથા પો.સ.ઈ.શ્રી એ.કે.મકવાણા તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પ્રોહિ/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે **'છન્નુ ક્વોટર્સના તુટેલા મકાનમાં 'બી' કોલોનીની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક** માણસો ભેગા મળી પૈસા પાનાથી તીન પત્તીનો હાર જીતનો જુગાર રમે છે' વિગેરે હકીકત આધારે રેઈડ કરતા કુલ્લે-૦૨ આરોપી જુગારધારા કલમ-૧૨ હેઠળ પકડી અટક કરી રોકડ રૂ.૧૬,૬૦૦/- તથા મો.ફોન નંગ-૧ જેની કિં.રૂ.૨૫૦૦/- એમ કુલ્લે કિં.રૂ.૧૯,૧૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી સારી કામગીરી કરેલ છે. તા.૧૮/૦૧/૨૦૧૯

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.